## <u>૨૦માં એડી. ચીફ જયુડી.મેજી. શ્રી વી. એસ. પટેલ સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.</u>

**ક્રિમીનલ કેસ નંબર : 7286_2023**

**ફરીયાદી:–** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી:– બકુલભાઈ છનાભાઈ ગણપતભાઈ રાણા**
**રહે. ૬–૭૯ કબીર મંદીરની પાસે, છાણી ગામ, તા. જી. વડોદરા.**

## ગુનો:– <u>એમ.વી.એકટની કલમ – ૧૮૫</u>

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) આ કામે આરોપી સામે ત.ક.અમલદારે એમ.વી.એકટની કલમ – ૧૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) મજકુર કામે આજ રોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતાં હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોવાનું જણાઈ આવતુ હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થીતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલત નો નટવરજી હરચંદ ઠાકોર વિ. સ્ટેટનો ચુકાદો કે જે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા

કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈને આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

આરોપીને મજકુર ગુના સબબ ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ અન્વયે તરસીરવાન ઠરાવી એમ.વી.એકટની કલમ – ૧૮૫ મુજબના ગુનામાં રૂા. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દિન – ૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છું.

વધુમાં સદર કામે જો મુદ્દામાલ વાહન બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તે કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ પીરીયડ બાદ ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈઓ પ્રમાણે જે તે માલિકને માલિકીની ખરાઈ કરી પરત કરવો.

આજ રોજ તારીખ **૦૯ મી** માહે **સપ્ટેમ્બર,** સને **૨૦૨૨૩** નાં રોજ **સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીં ગમાં** વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ:– વડોદરા.

( **વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ** )
૨૦ માં એડી.ચીફ.જયુડી.મેજી.
વડોદરા.
**કોડ: જીજે ૦૧૪૮૪**

ડી. આર. વારકે